

'યોગીપ્રસાદ'ના આંગણ દ્વારે બાલિકાઓ દ્વારા સ્વાગતનૃત્ય અર્પણ

# ભાઈબીજ પર્વ



ભાઈબીજ પર્વે પૂજન-હૃદયભાવ અર્પણ



યુવતીઓ દ્વારા તૈયાર કરાયેલ માળાઓ સપ્રેમ અર્પણ



ડૉ. મનોજભાઈ સોની



શ્રી ભીખુભાઈ પટેલ

૯ નવેમ્બરના શુભ દિવસે ભાઈ અને બહેનના પવિત્ર પ્રેમસંબંધને ઉજાગર કરતું ભાઈબીજનું પર્વ સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે વ્રતધારી સંત ભાઈઓ, ગૃહસ્થ ભાઈઓ અને બહેનો-યુવતીઓએ ભેગાં મળીને ઊજવ્યું. આ પવિત્ર પર્વના માહાત્મ્યને ડૉ. મનોજભાઈ સોનીએ વર્ણવ્યું અને પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યું. ચારુતર વિદ્યામંડળ, વલ્લભવિદ્યાનગરના અધ્યક્ષ શ્રી ભીખુભાઈ પટેલે પધારી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું.

આ પાવન પ્રસંગે ઉમિફોઈ અને દર્શનાબહેન ઠક્કરે સંતભગવંત સાહેબજી તથા સદ્‌ગુરુ સંતોનાં પૂજન કરી ભાઈબીજ પર્વની વંદના અર્પણ કરી. યુવતી મંડળે આ પર્વે સવિશેષ સર્વે વ્રતધારી સંત ભાઈઓ માટે પ્રાર્થના કરવાની તેમજ હાથમાં ધારણ કરવાની માળા તૈયાર કરી હતી તે સંતભગવંત સાહેબજીને અર્પણ કરી.

સંતભગવંત સાહેબજીએ ઇતિહાસને વાગોળી અનુપમ મિશનની સેવામાં પરોવાયેલ સર્વે બહેનોની સેવા-ભક્તિને બિરદાવી ભાઈબીજ પર્વના આશીર્વાદ વરસાવ્યા. સ્થાનિક બાલિકાઓએ યોગીપ્રસાદના આંગણ દ્વારે સ્વાગતનૃત્ય અર્પણ કરી સંતભગવંત સાહેબજી અને સંતો તથા ભાઈઓને મહાપ્રસાદ માટે આવકાર્યા. પ્રકાશ પર્વોના દિવ્ય અનુપમ આનંદની સ્મૃતિઓને લઈ સર્વે સ્વસ્થાને પધાર્યા. ◆

